જા.નં. મા-૨/૨૦૨૧/1778

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
એ/૩, જિલ્લા સેવાસદન-૨,
અઠવાલાઇન્સ,સુરત
તા.૦૯/૦૨/૨૦૨૧
૧૦

પ્રતિ,

આચાર્યશ્રી,

સુરત જિલ્લાની તમામ ગ્રાન્ટેડ/નોન ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉ.મા શાળાઓ
સુરત શહેરની બિનસરકારી ગ્રાન્ટેડ/નોન ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓ તરફ

**વિષયઃ-** ૩૨માં રાષ્ટ્રીય માર્ગ સલામતિ માસની ઉજવણી અંતર્ગર શાળાઓમાં બાળકોને ટ્રાફિકની પ્રતિજ્ઞા લેવડાવવા તથા ચિત્રસ્પર્ધાનુ આયોજન બાબત.

**સંદર્ભઃ**-મદદનીશ પોલીસ કમિશ્નરની કચેરી,ટ્રાફીક શાખા,સુરત શહેરનો પત્ર ક્રમાંક નં. ટ્રાફીક/વહીવટ/૩૫૫/૨૦૨૧,તા.૧૦/૦૨/૨૦૨૧

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, તા.૧૮/૦૧/૨૦૨૧ થી તા.૧૭/૦૨/૨૦૨૧ સુધી ૩૨ માં રાષ્ટ્રીય માર્ગ સલામતિ માસની ઉજવણી દરેક જિલ્લા/શહેરમા કરવામા આવી રહી છે જે અંતર્ગત શાળાઓના બાળકોમાં ટ્રાફિકના નિયમો બાબતે જાગૃતિ આવેએ હેતુથી પતિજ્ઞા તથા ચિત્ર સ્પધાઓનું આયોજન કરવામાં આવેલ છે. માધ્યમિક અને ઉ. માધ્યમિક શાળાઓએ પ્રતિજ્ઞા તા.૧૨/૦૨/૨૦૨૧ ના રોજ પ્રથમ માસમાં આયોજન કરવાનું રહેશે. શાળાઓએ પ્રતિજ્ઞા કરેલ આયોજનનું પ્રમાણપત્ર સુરત શહેર ટ્રાફિક શાખાના ઇમેલ એડેસ - acp-traffic-sur@gujarat.gov.in પર મોકલાવવાનું રહેશે.આ સાથે તા.૧૦/૦૨/૨૦૨૧નો પત્રની નકલ સામેલ છે.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત.જિલ્લો.સુરત

ક્માંક:ટ્રાફીક/વહિવટ/ ૩૫૪/૨૦૨૧
મદદનીશ પોલીસ કમિશ્નરની કચેરી,
ટ્રાફીક શાખા, સુરત શહેર
તા.૧૦/૦૨/૨૦૨૧

પ્રતિ
જિલ્લા શિક્ષણ અધિકારી (DEO)
સુરત જિલ્લો
(શિક્ષણ વિભાગ)

વિષય- ૩૨માં રાષ્ટ્રીય માર્ગ સલામતિ માસની ઉજવણી અંતર્ગત શાળાઓમાં બાળકોને ટ્રાફિકની પ્રતિજ્ઞા લેવડાવવા તથા ચિત્રસ્પર્ધાનુ આયોજન કરવા બાબત

જય ભારત સહ મદદનીશ પોલીસ કમિશનર પ્લાનિંગ ટ્રાફિક શાખા સુરત શહેરનાઓનો વિનંતી રીપોર્ટ કે

સવિનય સાથે ઉપરોકત વિષય અન્વયે જણાવવાનુ કે, હાલ તા.૧૮/૦૧/૨૦૨૧ થી તા.૧૭/૦૨/૨૦૨૧ સુધી ૩૨ માં રાષ્ટ્રીય માર્ગ સલામતિ માસની ઉજવણી દરેક જીલ્લા/શહેરમા કરવામા આવી રહી છે જે અંતર્ગત શાળાઓના બાળકોમાં ટ્રાફિકના નિયમો બાબતે જાગૃતિ આવે હેતુથી (૧) ટ્રાફિકના નિયમો બાબતેની ટ્રાફિક પ્રતિજ્ઞા તા.૧૨/૦૨/૨૦૨૧ ના રોજ તથા (૨) તા.૧૨/૦૨/૨૦૨૧ થી તા.૧૪/૦૨/૨૦૨૧ સુધી ટ્રાફિક અવેરનેસ માટે "સહી રાસ્તા", "સડક સુરક્ષા જીવન રક્ષા", "I Follow", "Let's Chang" થીમ પર ચિત્ર સ્પર્ધાનું આયોજન કરેલ છે. જે બન્ને કાર્યક્રમમાં તમામ શાળાઓના બાળકો ભાગ લે તે સારૂ આપના તાબા હેઠળની તમામ શાળાના આચાર્યશ્રીઓને આપના સ્તરેથી લખાઇ જવા વિનંતી છે.

જે સા.મે.ને વિ. થાય.

(એ.પી.ચૌહાણ)
મદદનીશ પોલીસ કમિશનર
પ્લાનીંગ
ટ્રાફીક શાખા, સુરત શહેર

બિડાણ – આ સાથે ટ્રાફિકની પ્રતિજ્ઞા સામેલ છે.
(૨) ટ્રાફિક પ્રતિજ્ઞા કાર્યક્રમની રૂપરેખા
(૩) ચિત્રસ્પર્ધા કાર્યક્રમની રૂપરેખા

# ટ્રાફિક પ્રતિજ્ઞા

» હું વાહન ચાલતી વખતે હેલ્મેટ/ સીટબેલ્ટનો ફરજીયાત ઉપયોગ કરીશ.

» હું વાહન ચલાવતી વખતે મોબાઇલ/હેન્ડહેલ્ડ ડિવાઇસનો ઉપયોગ કરીશ નહિ.

» હું વાહન ક્યારેય રોંગસાઇડ ચલાવીશ નહિ.

» હું વાહન ક્યારેય ઓવરસ્પીડથી ચલાવીશ નહી.

» હું વાહન ક્યારેય નિયમ વિરૂધ્ધ પાર્ક કરીશ નહી.

» હું જંક્શન પર ક્યારેય સિગ્નલ સાઇન અને સ્ટોપલાઇનનો ભંગ કરીશ નહિ.

» હું નશો કરી ક્યારેય વાહન ચલાવીશ નહી.

» હું મારૂ વાહન સારી કંડીશનમાં જાળવીશ.

» હું વાહન ચલાવતી વખતે શાંત અને જવાબદાર નાગરિક તરીકે વર્તીશ.

» હું ટ્રાફિકના નિયમોનુ પાલન કરીશ અને સલામત રીતે વાહન ચલાવવા પ્રતિજ્ઞા લઉ છું.

# ટ્રાફિક પ્રતિજ્ઞા

» હું વાહન ચાલતી વખતે હેલ્મેટ/ સીટબેલ્ટનો ફરજીયાત ઉપયોગ કરીશ.

» હું વાહન ચલાવતી વખતે મોબાઇલ/હેન્ડહેલ્ડ ડિવાઇસનો ઉપયોગ કરીશ નહિ.

» હું વાહન ક્યારેય રોંગસાઇડ ચલાવીશ નહિ.

» હું વાહન ક્યારેય ઓવરસ્પીડથી ચલાવીશ નહી.

» હું વાહન ક્યારેય નિયમ વિરૂધ્ધ પાર્ક કરીશ નહી.

» હું જંક્શન પર ક્યારેય સિગ્નલ સાઇન અને સ્ટોપલાઇનનો ભંગ કરીશ નહિ.

» હું નશો કરી ક્યારેય વાહન ચલાવીશ નહી.

» હું મારૂ વાહન સારી કંડીશનમાં જાળવીશ.

» હું વાહન ચલાવતી વખતે શાંત અને જવાબદાર નાગરિક તરીકે વર્તીશ.

» હું ટ્રાફિકના નિયમોનુ પાલન કરીશ અને સલામત રીતે વાહન ચલાવવા પ્રતિજ્ઞા લઉ છું.

Traffic Oath

I take an oath that I will always follow all the traffic rules and drive the vehicle carefully

I will complusarly wear helmet amd seat belt

While riding the vehicle i will not use mobile or headset

I will never ride the vehicle on the wrong side

I will never ride the vehicle on over speed

I will never park the vehicle where there is no parking

I will never violate the traffic signal and stop lines

I will never drink and drive the vehicle

I will keep my vehicle in a good condition

Jay Hind..!

## સુરત શહેર ટ્રાફિક પોલીસ દ્વારા ૩૨ માં રાષ્ટ્રીય માર્ગ સલામતિ માસ અંતર્ગત આયોજિત ટ્રાફિક પ્રતિજ્ઞા કાર્યક્રમની રૂપરેખા

આયોજનની તારીખ અને સમય – તા.૧૨/૦૨/૨૦૨૧ ના રોજ કલાક ૦૯/૦૦ થી ૧૭/૦૦ વાગ્યા દરમિયાન

ભાગલેનાર સંસ્થાઓ – સુરત શહેરની તમામ શાળાઓ

સ્પર્ધાના આયોજકો – નાયબ પોલીસ કમિશ્નરશ્રી ટ્રાફિક શાખા

સ્પર્ધાના સહ આયોજકો –
(૧) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી પ્લાનિંગ
(૨) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી રીજીયન ૧,૨,૩,૪
(૩) તમામ સર્કલ ઇન્ચાર્જશ્રી
(૪) તમામ સેમી સર્કલ ઇન્ચાર્જ
(૫) ફરજ સોંપવામાં આવે તે તમામ પોલીસ અધિકારી, કર્મચારી/TRB

રજીસ્ટ્રેશનનો પ્રકાર – (૧) શાળા પર ( દરેક રીજીયન ઇન્ચાર્જશ્રી તેમના વિસ્તારની શાળામાં થયેલા ઓનલાઇન અને ઓફ લાઇન રજીસ્ટ્રેશનના ડેટા મેળવી નાયબ પોલીસ કમિશનર શ્રીની કચેરીએ મોકલી આપશે.)

ફરજો – (૧) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી પ્લાનિંગનાઓ તમામ રીજીયનશ્રીઓના સંપર્કમાં રહી ટ્રાફિક પ્રતિજ્ઞા કાર્યક્રમનુ યોગ્ય રીતે આયોજન થાય અને સાથે જોડાનાર NGO અને પોલીસ કોર્ડીનેશનમાં પરીણામલક્ષી કામગીરી કરે તે જોશે.

(૨) તમામ રીજીયન ઇન્ચાર્જશ્રીઓ તેમના તાબાના અધિકારી તથા કર્મચારીઓ સાથે મળી વિસ્તારમાં આવેલ તમામ શાળાઓ સાથે સંપર્કમાં રહી શાળાઓનો સમય જાણી તે મુજબ કલાક ૦૯/૦૦ થી ૧૭/૦૦ વાગ્યા દરમિયાન તમામ શાળામાં વિદ્યાર્થીઓને ટ્રાફિક પ્રતિજ્ઞા લેવડાવશે.

(૩)તમામ રીજીયન ઇન્ચાર્જશ્રીઓ તેમના તાબાના અધિકારીઓ/માણસોને તમામ શાળામાં મોકલી વધુમાં વધુ બાળકો ટ્રાફિક પ્રતિજ્ઞા લે તેવી વ્યવસ્થા ગોઠવશે.

(૪) પ્રતિજ્ઞા કાર્યક્રમ પત્યા બાદ તમામ શાળા પાસેથી પ્રમાણપત્ર અને ફોટો મેળવશે કે કેટલા વિદ્યાર્થીઓએ ટ્રાફિક પ્રતિજ્ઞા લીધેલ છે અને તે પ્રમાણપત્ર તથા ફોટો ટ્રાફિક પ્લાનિંગ કચેરીએ કલાક ૧૭/૦૦ સુધીમાં મોકલી આપશે.

(૫) દરેક રીજીયનના સર્કલ તથા સેમી સર્કલ તથા પોલીસ અધિકારી, કર્મચારી/ TRB માણસો રીજીયનશ્રીની સુચના મુજબ કાર્ય કરશે.

(૬) પો.સ.ઇ. રીડરશ્રી વી.વી. ત્રિપાઠી તથા પો.સ.ઇ. પ્લાનિંગશ્રી એ.આર. રાઠોડ નાઓ આવેલ માહિતીને સંકલિત કરી મદદનીશ પોલીસ કમિશનર પ્લાનિંગ સમક્ષ મુકશે.

(૭) મદદનીશ પોલીસ કમિશનર પ્લાનિંગ નાઓ માહિતી સંકલિત કરી નાયબ પોલીસ કમિશ્નર ટ્રાફિક સમક્ષ રજુ કરશે.

નોંધ- ટ્રાફિક પ્રતિજ્ઞાના આયોજન બાબતે કોઇ પ્રશ્ન હોય તો નીચેના નંબરો પર સંપર્ક કરવો.

(૧) ACP પ્લાનિંગ એ.પી. ચૌહાણ મો.નં.૯૯૭૮૯૧૧૫૫૯

(૨) ACP રીજીયન-૧ ઝેડ.એ. શેખ મો.નં.૯૮૨૫૧૪૯૯૪૪

(3) ACP રીજીયન-૨ બી.એન. દવે મો.નં.૯૮૨૫૦૮૪301

(૪) ACP રીજીયન-3 એચ.ડી. મેવાડા મો.નં.૯૦૯૯૯૧3૯૭૭

(૫) ACP રીજીયન -૪ એલ.બી. પરમાર મો.નં.૭૦૯૬૮૬૧૯૬૮

# સુરત શહેર ટ્રાફિક પોલીસ દ્વારા આયોજિત ચિત્રસ્પર્ધા કાર્યક્રમની રૂપરેખા

આયોજનની તારીખ અને સમય – તા.૧૨/૨/૨૦૨૧ થી તા.૧૪/૨/૨૦૨૧

ભાગલેનાર સંસ્થાઓ – સુરત શહેરની તમામ શાળાઓ/ કોલેજ તથા નાગરીકો

કેટેગરી –
(૧) ૫ વર્ષ સુધી
(૨) ૫ થી ૧૩ વર્ષ
(૩) ૧૪ થી ૧૮ વર્ષ
(૪) ૧૮ વર્ષથી ઉપર

વિષય- (૧) "સહી રાસ્તા"
(૨) "સડક સુરક્ષા જીવન રક્ષા"
(૩) "I Follow"
(૪) "Let's Chang"

રજીસ્ટ્રેશન – (૧) તમામ શાળાઓના વિદ્યાર્થીઓ તથા ભાગ લેવા ઇચ્છતા નાગરીકો તા.૧૨/૦૨/૨૦૨૧ થી તા.૧૪/૦૨/૨૦૨૧ સુધીમાં ચિત્ર તૈયાર કરી આપેલ ઇમેલ એડ્રેસ ઉપર અથવા આયોજકોને રૂબરૂમાં જમા કરાવી શકશે.

ઇમેલ એડ્રેસ - acp-traffic-sur@gujarat.gov.in

ઇનામ કેટેગરી –

(૧) દરેક શાળા દીઠ ઉપર જણાવેલ દરેક કેટેગરી મુજબ ત્રણ સારા ચિત્રોને પસંદ કરી શાળાના લેટર હેડ ઉપર ચિત્રબનાવનારની વિગત સાથે ઇમેલ કરશે અથવા પોલીસ પ્રતિનિધીને રૂબરૂ આપશે.

(૨) ચિત્રસ્પર્ધા તા.૧૨/૦૨/૨૦૨૧ થી તા.૧૪/૦૨/૨૦૨૧ સુધી ચાલશે ત્યારબાદ રીજીયન ઇન્ચાર્જશ્રી તેમના રીજીયન વિસ્તારની શાળા તથા ખાનગી વ્યક્તિઓના ચિત્રો સ્વીકારી તા.૧૫/૦૨/૨૦૨૧ કલાક ૧૨/૦૦ સુધીમાં દરેક શાળાનુ કેટેગરીવાઇઝનુ પત્રક અત્રેની કચેરી ખાતે મોકલી આપશે.

(૩) શાળાઓમાં દરેક કેટેગરીમાં પ્રથમ આવનાર ત્રણ વિદ્યાર્થીઓને સર્ટીફિકેટ આપશે.

(૪) તમામ શાળા પૈકી સૌથી સારા ત્રણ ચિત્રોને ટ્રોફી તથા સર્ટીફિકેટ આપવામાં આવશે.

(૫) ખાનગી નાગરીકોમાથી સૌથી સારા ચિત્રને એક થી ત્રણ નંબરને સર્ટીફિકેટ આપવામાં આવશે.

(૬) ભાગલેનાર તમામને ઇ-પાર્ટીસિપેન્ટ સર્ટીફિકેટ આપવામાં આવશે.

(૭) તમામ રીજીયનશ્રીઓ સર્કલ પાસેથી આવેલા પસંદગી પામેલા ચિત્રોને શાળાદીઠ પત્રક બનાવ
અલગ અલગ કવરમાં મુકી પ્લાનિંગ ટ્રાફિક કચેરી મોકલી આપશે.

નિર્ણાયકો – (૧) નાયબ પોલીસ કમિશ્નરશ્રી ટ્રાફિક શાખા સુરત શહેરની આગેવાનીમાં 3 પોલીસ અધિકારી તથા 3 ચિત્ર શિક્ષકો રહેશે.

» ચિત્રસ્પર્ધામાં કાગળની સાઇઝ A4 રહેશે.

» ચિત્રસ્પર્ધામાં કલર સુવિધા અનુસાર વાપરી શકાશે.

» ચિત્રની જમણી તરફ ઉપર નામ, ક્લાસ, ઉંમર, શાળા અને મો.નં. લખવાનો રહેશે.

<u>નોંધ-</u> ચિત્રસ્પર્ધાના આયોજન બાબતે કોઇ પ્રશ્ન હોય તો નીચેના નંબરો પર સંપર્ક કરવો.

(૧) ACP પ્લાનિંગ એ.પી. ચૌહાણ મો.નં.૯૯૭૮૯૧૧૫૫૯

(૨) ACP રીજીયન-૧ ઝેડ.એ. શેખ મો.નં.૯૮૨૫૧૪૯૯૪૪

(3) ACP રીજીયન-૨ બી.એન. દવે મો.નં.૯૮૨૫૦૮૪૩૦૧

(૪) ACP રીજીયન-3 એચ.ડી. મેવાડા મો.નં.૯૦૯૯૯૧૩૯૭૭

(૫) ACP રીજીયન -૪ એલ.બી. પરમાર મો.નં.૭૦૯૬૮૬૧૯૬૮

(૬) રાજેશ મહેશ્વરી મો.નં.૯૩૭૭૯૬૬૬૦૦